Extra No. 440

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, DECEMBER 15, 2025 / AGRAHAYANA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૩/૨૦૨૫.-સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય એકતા પ્રત્યે આજની યુવા પેઢીઓને પ્રેરીત કરવા કરમસદ થી કેવડીયા સુધી રાષ્ટ્રવ્યાપી પદયાત્રાનુ "યુનીટી માર્ચ" આયોજન થનાર છે. જે અનુસંધાને - વહીવટી તંત્ર દ્વારા કરમસદ થી કેવડીયા સુધી પદયાત્રાનુ આયોજન કરેલ છે. સદર "યુનીટી માર્ચ" તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કરમસદથી નિકળનાર છે. સદર "યુનીટી માર્ચ" માં માન.મંત્રી શ્રીઓ તથા વી.વી.આઈ.પી મહાનુભાવો તથા મોટી 4સંખ્યામાં જાહેર જનતા જોડાનાર હોય. જેઓ કરમસદથી નિકળી વાયા નાવલી થઈ આંકલાવ પો.સ્ટે.ની હદના ખડોલ(હ), _ળદરી, આસોદર, મુજકુવા, આંકલાવ, મુકામે રાત્રી રોકાણ કરી આંકલાવ થી નીકળી વાયા હઠીપુરા, આસરમા, ઉમેટા થઈ વોદરા ગ્રામ્યના તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં પ્રવેશ કરનાર છે. પદયાત્રામાં ઉપરોકત રૂટ ઉપર આણંદ થી વાયા ઉમેટા વડોદરાને જોડતો મુખ્ય માર્ગ હોય અને વધુ પ્રમાણમાં જનમેદની સદર માર્ગ ઉપર એકત્રીત થઈ ચાલતા જવાની શક્યતા હોય ટ્રાફીકની સમસ્યા ના સર્જાય તેમજ જાહેર જનતાને અવગડ ના પડે તે માટે તા.૨૭/૧૧/૨૦૨૫ તથા તા.૨૮/૧૧/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન મોટા તથા ભારે વાહનનું ડાર્યવજન આપવા અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્રનં.એલઆઈબી/સરદાર જયંતી/પદયાત્રા/આંકલાવ/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૬૩૯/૨૦૨૫ તા.૨૧/૧૧/૨૦૨૫ થી દરખારત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન મોટા તથા ભારે વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

અ.નં	માર્ગનુ નામ	ડાયવર્ઝન રૂટ	ડાયવર્ઝન રૂટ તારીખ તથા સમય
૧	નાવલી અંધારીયા ચકલાથી આસોદર તરફ રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	અંધારીયા ચકલા, નાવલી થી આસોદર તરફ જતા વાહનો વાયા નાપા, બોરસદ થઈ આસોદર જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ ક.૦૬/૦૦ થી ૧૫/૦૦

૨	આસોદર ચોકડીથી નાવલી તરફ જતા રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આસોદર તરફથી નાવલી, અંધારીયા ચકલાથી તરફ જતા વાહનો વાયા બોરસદ, નાપા થઈ અંધારીયા ચકલા જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ ક.૦૬/૦૦ થી ૧૫/૦૦
૩	આસોદર ચોકડીથી આંકલાવ તરફ જતા રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આસોદર ચોકડીથી આંકલાવ તરફ જતા વાહનો વાયા કંથારીયા, અંબાલી ચોકડી થઈ આંકલાવ તરફ જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ ક.૧૪/૦૦ થી ૨૧/૦૦
૪	આંકલાવ વીરકુવા ચોકડીથી આસોદર તરફ જતા વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આંકલાવ થી આસોદર ચોકડી તરફ જતા વાહનો વાયા અંબાલી ચોકડી, કંથારીયા, થઈ આસોદર ચોકડી તરફ જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ ક.૧૪/૦૦ થી ૨૧/૦૦
૫	આંકલાવથી ઉમેટા તરફ જતા રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આંકલાવથી ઉમેટા તરફ જતા વાહનો નવાખલ ત્રણ રસ્તા, નવાખલ ચોકડી થઈ ઉમેટા જઈ શકશે.	તા.૨૮/૧૧/૨૦૨૫ ક.૦૬/૦૦ થી ૧૫/૦૦
૬	ઉમેટા ચોકડીથી આંકલાવ, આસોદર તરફ જતા વાહન અવર-જવર માટે બંધ કરાવવા	ઉમેટા થી આંકલાવથી તરફ જતા વાહનો નવાખલ ચોકડી, નવાખલ ત્રણ ૨૨ના થઈ આંકલાવ જઈ શકશે.	તા.૨૮/૧૧/૨૦૨૫ ક.૦૬/૦૦ થી ૧૫/૦૦

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ભારે વાહનનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ દવારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૪/૨૦૨૫.-સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતીના ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય એકતા પ્રત્યે આજની યુવા પેઢીઓને પ્રેરીત કરવા કરમસદ થી કેવડીયા સુધી પદયાત્રાનુ "યુનીટી માર્ચ" આયોજન થનાર છે જે અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા કરમસદથી કેવડીયા સુધી પદયાત્રાનુ આયોજન કરેલ છે. સદર "યુનીટી માર્ચ" તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કરમસદથી નિકળનાર છે. સદર "યુનીટી માર્ચ" માં માન.મંત્રી શ્રીઓ તથા વી.વી.આઈ.પી મહાનુભાવો તથા જાહેર જનતા જોડાનાર હોય અંદાજીત ૫૦૦ જેટલા વ્યકતિઓ કરમસદથી નિકળી વાયા નાવલી, થઈ તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ અત્રેના આંકલાવ પો.સ્ટેની હદના આંકલાવ ટાઉન મુકામે હાઈસ્કુલમાં રાત્રી રોકાણ તેમજ આંકલાવ બસ સ્ટેન્ડ મુકામે ગ્રામ સભા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ હોય જેમાં નામાંકીત કલાકારોના ડાયરાનો પોગ્રામ હોય જેમાં વી.વી. આઈ.પી મહાનુભાવો ઉપરાંત હજારોની સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહેનાર હોય ટ્રાફીકની સમસ્યા ના સર્જાય તેમજ જાહેર જનતાને અવગડ ના પડે તે માટે તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન વાહનોની અવર જવાર અંગેનુ ડાર્યવજન આપવા અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્રનં.એલઆઈબી/આંકલાવ/સરદારજયંતી/પદયાત્રા/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૬૬૩/૨૦૨૫ તા.૨૩/૧૧/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

અ.નં	માર્ગનુ નામ	ડાયર્વજન રૂટ	ડાયર્વજન રૂટ તારીખ તથા સમય
૧	આંકલાવ બાલમશાપીર દરગાહ ભાગોળ આંકલાવ બસ સ્ટેન્ડ તથા ગેટ નં ૧ તરફ વાહનો અવર-જવર માટે બંધ કરાવવા	આંકલાવ બાલમશાપીર દરગાહ ભાગોળ આંકલાવ બસ સ્ટેન્ડ તરફ જતા વાહનો વાયા વાંકીખૂંભી, પાંજરાપોળ થઈ વીરકુવા ચોકડી તથા ગેટ નં ૧ તરફ જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક ૧૨/૦૦ થી ક.૨૩/૦૦ કાર્યક્રમ પૂર્ણ થાય ત્યા સુધી
૨	આંકલાવ ઉંડી ખડકી તરફથી આંકલાવ બસ સ્ટેન્ડ તથા ગેટ નં ૧ તરફ આવતા વાહનો અવર-જવર માટે બંધ કરાવવા	આંકલાવ ઉંડી ખડકી તરફથી આંકલાવ બસ સ્ટેન્ડ તથા ગેટ નં ૧ તરફ આવતા વાહનો વાયા વલાસણની ખડકી, નગર પાલિકા બજાર થઈ વીરકુવા ચોકડી તથા ગેટ નં ૧ તરફ જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક૧૨/૦૦ થી ક.૨૩/૦૦ કાર્યક્રમ પૂર્ણ થાય ત્યા સુધી
૩	આંકલાવ ગેટનંબર ૧ (સરદાર ગેટ) થી આંકલાવ બસ સ્ટેન્ડ તરફ આવતા વાહનો અવર-જવર માટે બંધ કરાવવા	આંકલાવ ગેટ નંબર ૧ થી બસ સ્ટેન્ડ થઈ બાલમશાપીર દરગાહ ભાગોળ તથા ઉંડી ખડકી તરફ જતા વાહનો વાયા વીરકુવા ચોકડી, નગર પાલીકા બજાર થઈ ઉંડી ખડકી તથા સાકરબાની ખડકી, પાંજરાપોળ થઈ બાલમશાપીર દરગાહ ભાગોળ તરફ જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક૧૨/૦૦ થી ક.૨૩/૦૦ કાર્યક્રમ પૂર્ણ થાય ત્યા સુધી

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ દવારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગનો દાખલ કરવા અધિકત કરું છે.

આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૫/૨૫.-સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦ મી જન્મજયંતીના ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય એકતા પ્રત્યે આજની યુવા પેઢીઓને પ્રેરીત કરવા કરમસદ થી કેવડીયા સુધી પદયાત્રાનું “યુનીટી માર્ચ” આયોજન થનાર છે જે અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા કરમસદથી કેવડીયા સુધી પદયાત્રાનુ આયોજન કરેલ છે. સદર “યુનીટી માર્ચ” તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કરમસદથી નિકળનાર છે. જે પદયાત્રા આણંદ ટાઉન પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાંથી પણ પસાર થનાર હોય. જેથી આ પદયાત્રા દરમ્યાન ટ્રાફિક નિયમન જળવાઈ રહે તથા નાગરિકોને ટ્રાફિક સંબંધી સમસ્યાનો સામનો કરવો ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે સારૂ નીચેના માર્ગો ઉપરથી વાહનોની અવર - જવર ઉપર દર્શાવેલ માર્ગો ઉપર ડાર્યવજન આપવા અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્રનં. એલઆઈબી/આણંદટાઉન/સરદારજયંતી/પદયાત્રા/રોડડાયવર્ઝન/જાહેરનામું/૧૬૬૪/૨૦૨૫તા.૨૩/૧૧/૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ ક.૦૭/૦૦ થી ક.૧૭/૦૦ સુધી વાહનોને નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

-: ડાયવર્ઝન આપવાના માર્ગો :-

(૧) પ્રતિબંધિત માર્ગ :- એલીકોન સર્કલથી એ.પી.સી. સર્કલ તથા પ્રાપ્તિ સર્કલથી એ.પી.સી. સર્કલ તરફ આવતો માર્ગ

વૈકલ્પિક માર્ગ :- એલીકોન સર્કલથી આણંદ-વિદ્યાનગર તરફ આવતા વાહનો બોરસદ ચોકડી-ગણેશ ચોકડી - અમુલ ડેરી રોડ-નવા બસ સ્ટેન્ડ-ગ્રીડ ચોકડી થઈ જઈ શકશે. તથા પ્રાપ્તિ સર્કલથી આવતા વાહનો અટલ ચોકથી ગ્રીડ ચોકડી-અમુલ ડેરી રોડ-ગણેશ ચોકડી-બોરસદ ચોકડી તરફ જતો માર્ગ.

(૨) પ્રતિબંધિત માર્ગ :- પ્રાપ્તિ સર્કલથી ગાયત્રી મશાલ સર્કલ (સ્માર્ટ બજાર ત્રણ રસ્તા) તરફ આવતો માર્ગ

વૈકલ્પિક માર્ગ :- પ્રાપ્તિ સર્કલથી આવતા વાહનો અટલ ચોકથી ગ્રીડ ચોકડી-અમુલ ડેરી રોડ - ગણેશ ચોકડી - બોરસદ ચોકડી તરફ જતો માર્ગ.

(૩) પ્રતિબંધિત માર્ગ :- ગ્રીડ ત્રણ રસ્તા તરફથી ટાઉન હોલ તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- વિદ્યાનગર તરફ જતા વાહનો માટે અટલ ચોક ન્યુ સંકિત ચાર ૨૨તા તરફ જતો માર્ગ તથા આણંદ તરફ જતા વાહનો માટે નવા બસ સ્ટેન્ડ તરફ જતો માર્ગ

(૪) પ્રતિબંધિત માર્ગ :- BAPS સ્વામિનારાયણ મંદિરથી ઠક્કરવાડી ચાર રસ્તા તરફ આવતો માર્ગ તથા ઓમકારેશ્વર મંદિર તરફથી ઠક્કરવાડી ચાર રસ્તા તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- વિદ્યાનગર તરફ જતા વાહનો જલારામ મંદિર-ગ્રીડ ચોકડી-અટલ ચોક- ન્યુ સંકેત ચાર રસ્તા તરફ જતો માર્ગ તથા ઓમકારેશ્વર મંદિર-અમીન ઓટો ચાર રસ્તા-બોરસદ-ચોકડી-ગણેશ ચોકડી-અમુલ ડેરી તરફ જતો માર્ગ.

(૫) પ્રતિબંધિત માર્ગ :- ઉત્સવ પાર્ટી પ્લોટ સર્કલથી મહારાણા પ્રતાપ સર્કલ તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- વિદ્યાનગર તરફ જતા વાહનો અમુલ ડેરી- ગણેશ ચોકડી તરફ જતો માર્ગ

(૬) પ્રતિબંધિત માર્ગ :- ઉમા ભવન તથા બોરસદ-આણંદ રોડ ઉપર આવેલ જીટોડીયા ચરોતર CNG ગેસ સ્ટેશનથી બોરસદ ચોકડી બ્રિજ ઉપર થઈ મહારાણા પ્રતાપ સર્કલ થઈ ટાઉન હોલ તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- જીટોડીયા ચરોતર CNG ગેસ સ્ટેશન-વિધ્યાડેરી રોડ થઈ બોરસદ ચોકડી તરફ જતો

(૭) પ્રતિબંધિત માર્ગ :- બોરસદ ચોકડીથી બોરસદ તરફ જતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- અમીન ઓટો ચાર રસ્તા-એલીકોન ચાર રસ્તાથી બોરસદ તરફ જતો માર્ગ

(૮) પ્રતિબંધિત માર્ગ :- અમીન ઓટો ચાર રસ્તાથી લોટીયા ભાગોળ તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ :- બોરસદ ચોકડી-ગણેશ ચોકડી-અમુલ ડેરી થઈ જતો માર્ગ.

(૯) પ્રતિબંધિત માર્ગ :- લોટીયા ભાગોળ તરફથી અમીન ઓટો ચાર રસ્તા તરફ જતો માર્ગ.

(૧૦) વૈકલ્પિક માર્ગ :- ઉત્સવ પાર્ટી પ્લોટ ચાર રસ્તા-અમુલ ડેરી-ગણેશ ચોકડી-બોરસદ ચોકડી અમીન ઓટો ચાર રસ્તા તરફ જતી માર્ગ.

વિદ્યાનગર પોલીસ લાઈનથી એ.પી.સી. સકલ-મશાલ સકલ- ટાઉન હોલ ત્રણ રસ્તા-ઠક્કરવાડી ચાર રસ્તા-મહારાણા પ્રતાપ સકલ-બોરસદ ચોકડી બ્રિજ- આણંદ-બોરસદ રોડ પર આવેલ એન્જલ સ્કૂલ સુધીના રોડની બન્ને સાઇડ નો-પાર્કિંગ ઝોન જાહેર કરવો.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૬/૨૫.-સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦ મી જન્મજયંતીના ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય એકતા પ્રત્યે આજની યુવા પેઢીઓને પ્રેરીત કરવા કરમસદ થી કેવડીયા સુધી પદયાત્રાનુ "યુનીટી માર્ચ" આયોજન થનાર છે જે અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા કરમસદથી કેવડીયા સુધી પદયાત્રાનુ આયોજન કરેલ છે. સદર "યુનીટી માર્ચ" તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કરમસદથી નિકળનાર છે. જે પદયાત્રા નિમિતે તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ નાઓ અત્રેના વિદ્યાનગર પો.સ્ટેની હદના વિદ્યાનગર કરમસદ હેલીપેડથી કરમસદ સરદાર પટેલ સાહેબના ઘરે થઈ સરદાર પટેલ મેમોરીયલ થઈ જનતા ચોકડી થઈ ભાઈકાકા સર્કલ થઈ નાના બજાર બી.ઓ.બી. બેન્ક ચાર થઈ શાસ્ત્રીમેદાન ખાતે જાહેરસભા અર્થે પધારનાર હોય મહાનુભાવ શ્રી ના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન ટ્રાફિક નિયમન જળવાઇ રહે તેમજ સુરક્ષા ની દ્રષ્ટીએ નીચે મુજબ જણાવેલ રૂટ તથા ડાયવર્ઝન રૂટ મુજબનું જાહેરનામુ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના સવાર ક.૦૭/૦૦ વાગ્યાથી આખા દિવસ અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધી કરાવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્રનં.એલઆઈબી/વિદ્યાનગર/સરદાર જયંતી/પદયાત્રા/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૬૬૫/૨૦૨૫ તા.૨૩/૧૧/૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ ક.૦૭/૦૦ થી આખા દિવસ સુધી વાહનોને નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

-: ડાયવર્ઝન આપવાના માર્ગો :-

રૂટ નં. - ૧	આણંદ શહેર થી બાંધણી ચોકડી તરફ આવવા જવાનો રોડ બંધ કરવો.
ડાયવર્ઝન રૂટ -	આણંદ ગણેશ ચોકડીથી જુના બસ સ્ટેન્ડ થઈ એન.એચ.પટેલ સર્કલ થી જમણી સરદાર બાગ ચોકી થઈ ઈન્દીરા સ્ટેચ્યુ થઈ જમણી વળી સંકેત ચાર રસ્તા થઈને બાકરોલ ગેટ થઈને વડતાલ થઈને વલેટવા ચોકડી થઈને બાંધણી તરફ જઈ શકાશે.અને પરત બાંધણી ચોકડી થી આણંદ જવા આ રૂટ ઉપર જઈ શકાશે.
રૂટ નં. - ૨	ત્રીકોણીયા બાગ તરફથી વિદ્યાનગર શહીદચોક તરફ આવવા જવાનો રોડ બંધ કરવો.
ડાયવર્ઝન રૂટ -	વિદ્યાનગર ત્રિકોણીયા બાગ થઈ સંકેત ચાર રસ્તા થઈ ૮૦ ફુટ રોડ થઈ એ.પી.સી. સર્કલ થઈ કેન્દ્રીય વિદ્યાલય થઈ યુનિવર્સીટી સ્ટાફ કવાટર્સ વઈ નિવાનગર જઈ શકાશે.
રૂટ નં. - ૩	આણંદ વિદ્યાનગર રોડ એ.પી.સી. સર્કલ થી વિદ્યાનગર ભાઈકાકા સર્કલ તરફ જવા આવવાનો રોડ બંધ કરવા.
ડાયવર્ઝન રૂટ-	એ.પી.સી. સર્કલ થી કેન્દ્રીય વિદ્યાલય થઈ યુનિવર્સીટી સ્ટાફ ક્વાટર્સ થઈ વિદ્યાનગર તરફ જઈ શકાશે.
રૂટ નં. - ૪	જનતા ચોકડી થી શહીદ ચોક તરફ આવવા જવાનો રસ્તો બંધ કરવો.
ડાયવર્ઝન રૂટ-	એલીકોન સર્કલથી એ.પી.સી. સર્કલથી કેન્દ્રીય વિદ્યાલય થઈ યુનિવર્સીટી સ્ટાફ ક્વાટર્સ થઈ વિદ્યાનગર જઈ શકાશે.
રૂટ નં. - ૫	શાસ્ત્રી મેદાન વિદ્યાનગર તરફ જવાના તમામ રસ્તાઓ માન. મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય નાઓ પધારનાર હોય જેથી સુરક્ષાની દ્રષ્ટીએ પ્રતિબંધિત હોવાથી શાસ્ત્રી મેદાન તરફ જતા માણસો માટે નીચેના રૂટ ઉપરનો રસ્તો બંધ કરવો.
ડાયવર્ઝન રૂટ-	શાસ્ત્રી મેદાન વિદ્યાનગર તથા તે તરફ જવાના તમામ રસ્તાઓ પ્રતિબંધિત હોવાથી શાસ્ત્રી મેદાન તરફ જતા માણસો તથા વાહનો માટે રસ્તો બંધ કરવો. ભાઈકાકા સર્કલથી બી.ઓ.બી.બેન્ક ચાર રસ્તા થઈને શહીદ ચોક થઈને રુદ્રાક્ષ કોર્નર થઈને એન.સી.સી. બટાલીયન વાળી ગલી થઈને રાધે ઢોકળાની સામે વાળી ગલી થઈને મોટા બજાર ચાર રસ્તા થઈને ભાઈકાકા સર્કલ થઈને એન.સી.સી. કેમ્પ વાળી ગલી તથા અંદરનો તમામ વિસ્તાર માણસો તથા વાહનો માટે પ્રતિબંધિત રહેશે.

શાસ્ત્રી મેદાન ખાતે સભામા ચાલતા જવા માટે નીચેના રૂટ થી જઈ શકાશે.

(૧) ત્રિકોણીયા બાગથી શહીદ ચોક તરફથી આવતા વ્યક્તી શહીદ ચોક થઈને રુદ્રાક્ષ કોર્નર થઈને રાધે ઢોકળા થઈને ડાબી બાજુ વળી શાસ્ત્રી મેદાન જઈ શકશે.

(૨) ભાઈકાકા સર્કલ તરફથી શાસ્ત્રી મેદાન આવતા વ્યક્તીઓ માટે ભાઈકાકા સર્કલથી એન.સી.સી કેમ્પ વાળી ગલી થઈને શાસ્ત્રી મેદાન જઈ શકાશે. તથા મોટા બજાર ચોકડી થઈને જમણી વળીને શાસ્ત્રી મેદાન જઈ શકાશે.

(૩) ગંગાબા છત્રાલય તરફથી આવતા વ્યક્તિઓ પ્રતાપ પાંઉભાજી થઈ ઈસ્કોન મંદિર થઈ મોટા બજાર ચાર રસ્તા થઈ શાસ્ત્રી મેદાન જઈ શકાશે.

ઉપરોક્ત તમામ રૂટ પ્રતિબંધિત હોવાથી શાસ્ત્રી મેદાન સભામા જનાર વ્યક્તીઓ પાસે વી.વી.આઇ.પી. તેમજ વી.આઇ.પી. પાસ હશે તે લોકોને જ શાસ્ત્રી મેદાન પાર્કીંગ સ્થળ સુધી આવવા દેવામા આવશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૭/૨૫.-સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતીના ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય એકતા પ્રત્યે આજની યુવા પેઢીઓને પ્રેરીત કરવા કરમસદ થી કેવડીયા સુધી પદયાત્રાનુ "યુનીટી માર્ચ" આયોજન થનાર છે જે અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા કરમસદથી કેવડીયા સુધી પદયાત્રાનુ આયોજન કરેલ છે. સદર "યુનીટી માર્ચ" તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ કરમસદથી નિકળનાર છે. સદર "યુનીટી માર્ચ" માં માન.મંત્રી શ્રીઓ તથા વી.વી.આઈ.પી મહાનુભાવો તથા જાહેર જનતા જોડાનાર હોય અંદાજીત ૫૦૦ જેટલા વ્યકતિઓ કરમસદથી નિકળી આણંદ ટાઉન હોલ બોરસદ ચોકડી થઈ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ અત્રેના આણંદ રૂરલ પો.સ્ટેના જીટોડીયા ગામ, અંધારીયા ચોકડી થઈ નાવલી મુકામે સભા કરી રાત્રી રોકાણ કરી તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ નાવલી થી નીકળી વાયા નાપાડ થઈ ખડોલ થઈ આંકલાવ પોલીસ સ્ટેશનની હદમાં પ્રવેશ કરનાર છે. પદયાત્રામાં ઉપરોકત રૂટ ઉપર આણંદ થી વાયા જીટોડીયા થઈ બોરસદ તથા અંધારીયા ચોકડી થી વાયા નાવલી, નાપાડ થઈ આંકલાવ ને જોડતો મુખ્ય માર્ગ હોય અને વધુ પ્રમાણમાં જનમેદની સદર માર્ગ ઉપર એકત્રીત બઈ ચાલતા જવાની શક્યતા હોય ટ્રાફીકની સમસ્યા ના સર્જાય તેમજ જાહેર જનતાને અવગડ ના પડે તે માટે તા.૨૬/૧૧/૨૦૨૫ તથા તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન મોટા તથા ભારે વાહનનુ ડાર્યવજન આપવા અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના - પત્રનં.એલઆઈબી/આણંદ રૂરલ /સરદારજયંતી/પદયાત્રા/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૬૬૬/૨૦૨૫ તા.૨૩/૧૧/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન મોટા તથા ભારે વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

અ.નં	માર્ગનુ નામ	ડાયવર્ઝન રૂટ	ડાયવર્ઝન રૂટ તારીખ તથા સમય
૧	બોરસદ ચોકડી આણંદ થી આસોદર, આંકલાવ, નાપાડ બોરસદ, નાપા તરફ જતા રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આણંદ થી બોરસદ, આંકલાવ, આસોદર નાપાડ તરફ જતા વાહનો વાયા ચીખોદરા ચોકડી થઈ વાસદ થઈ આસોદર ચોકડી તરફ જઈ શકશે.	તા.૨૬/૧૧/૨૦૨૫ કલાક.૧૨/૦૦ થી ૧૯/૦૦
૨	બોરસદ, આંકલાવ, આસોદર, નાપાડ થી આણંદ તરફ જતા વાહન અવર-જવર માટે બંધ કરાવવા	બોરસદ, આંકલાવ, આસોદર નાપાડ થી આણંદ તરફ જતા વાહનો વાયા આસોદર ચોકડી થઈ વાસદ થઈ ચિખોદરા ચોકડી તરફ જઈ શકશે.	તા.૨૬/૧૧/૨૦૨૫ કલાક. ૧૨/૦૦ થી ૧૯/૦૦
૩	ચિખોદરા ચોકડી થી બોરસદ તરફ તથા બાંધણી ચોકડી, તારાપુર જતા ભારે વાહનો માટે અવર-જવર બંધ કરાવવા માટે	ચિખોદરા ચોકડી થી બોરસદ તરફ તથા બાંધણી ચોકડી, તારાપુર જતા ભારે વાહનો વાયા વાસદ થઈ બોરસદ, ધર્મજ ચોકડી થઈ તારાપુર જઈ શકશે.	તા.૨૬/૧૧/૨૦૨૫ કલાક.૦૯/૦૦ થી ૧૯/૦૦
૪	અંધારીયા ચકલા, નાવલી થઈ આસોદર તરફ રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	અંધારીયા ચકલા થી નાવલી થઈ આસોદર તરફ જતા વાહનો વાયા નાપા, બોરસદ થઈ આસોદર જઈ શકશે.	તા. ૨૭/૧૧/૨૦૨૫ કલાક. ૬/૦૦ થી ૧૫/૦૦
૫	આસાદર ચોકડીથી નાવલી, અંધારીયા ચકલા તરફ જતા રસ્તા ઉપર વાહન અવર-જવર માટે બંધ કરાવવા	આસોદર તરફથી નાવલી તરફ જતા વાહનો વાયા બોરસદ, નાપા અંધારીયા ચકલા થઈ નાવલી જઈ શકશે.	તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક. ૬/૦૦ થી ૧૫/૦૦

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ દવારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે રથળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકત કરું છે.

આજ તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૪૮/૨૦૨૫.-રેલ્વે ભરતી બોર્ડ, અમદાવાદ ધ્વારા CEN-08/72024 પરીક્ષા અંતર્ગત Computer Based Tests (CBTs) ની પરીક્ષા આગામી તા.૨૭/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ દરમ્યાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ આણંદ ડીઝીટલ ઝોન, કર્ણાવતી સોસાયટી, જલતરંગ સોસાયટી પાછળ, કરમસદ આરોગ્ય કેન્દ્ર નજીક, મુ.કરમસદ તા.જી.આણંદ ખાતે ના પરીક્ષા કેન્દ્ર ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મેમ્બર સેક્રેટરીશ્રી, રેલ્વે ભરતી બોર્ડ, અમદાવાદ ના તા. ૨૫/૧૧/૨૦૨૫ ના પત્ર નં.RRB/ADI/E/R&T/08/2024 (Level-1) થી જાહેરનામુ પ્રિસધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૭/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ દરમ્યાન સવારના ૦૭:૩૦ કલાક થી બપોરના ૧૬:૩૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૭:૩૦ કલાક થી બપોરના ૧૬:૩૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં CEN-08/2024 પરીક્ષા અંતર્ગત Computer Based Tests (CBTs) માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૪૯/૨૦૨૫.-આણંદ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા(એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અટકાવવા દરખાસ્ત કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ જીલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાની હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓએ તમામ સરકારી કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર: આણંદ જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાનો વિસ્તાર

શિક્ષા : આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૧૩૫ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છું.

મે આજરોજ તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૫૦/૨૦૨૫- અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧).,૩૭(૩) અન્વયે તા.૦૫/૧૨/૨૦૨૫ થી તા.૧૯/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામું પ્રસિદ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૧/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૭૦૫/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૫/૧૨/૨૦૨૫ થી તા.૧૯/૧૨/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૦૨/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 16:09:07 IST